# ૧૫. નામ

ત્રણ ત્રણ નામ લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧) | છોકરા | – | કેતન, મિહિર, | ............., | ............., | ............. |
| ૨) | છોકરી | – | સૃષ્ટિ, દિવ્યા, | ............., | ............., | ............. |
| ૩) | નદી | – | ગંગા, નર્મદા, | ............., | ............., | ............. |
| ૪) | ફૂલ | – | કમળ, ચંપો, | ............., | ............., | ............. |
| ૫) | ફળ | – | કેળાં, ચીકુ, | ............., | ............., | ............. |
| ૬) | મહિના | – | કારતક, માગશર, | ............., | ............., | ............. |
| ૭) | અનાજ | – | જુવાર, બાજરો, | ............., | ............., | ............. |
| ૮) | કઠોળ | – | મગ, ચણા, | ............., | ............., | ............. |
| ૯) | પર્વત | – | સહ્યાદ્રિ, સાતપુડા, | ............., | ............., | ............. |
| ૧૦) | રંગ | – | સફેદ, ગુલાબી, | ............., | ............., | ............. |

**યાદ રાખો**

જાતિ દર્શાવતા, સમૂહ દર્શાવતા, ભાવ દર્શાવતા, વ્યક્તિઓના, દ્રવ્યપદાર્થોના શબ્દોને વ્યાકરણની ભાષામાં નામ કહેવાય છે.

## સર્વનામ

૧) તારું નામ શું છે ?

૨) તે લખે છે.

૩) તેઓ બગીચામાં ફરવા ગયા છે.

૪) અમે વનમહોત્સવ ઉજવવાના છીએ.

૫) તમે પ્રયત્ન કરશો તો જરૂર સફળ થશો.

૫) તમારી શાળા ક્યાં છે ?

લીટી દોરેલા શબ્દો નામના બદલે વપરાયેલા છે.

**યાદ રાખો**

નામને બદલે વપરાતા શબ્દોને સર્વનામ કહેવાય છે.



**સ્વાધ્યાય**

સ. ૧ નામ ઓળખી તેની નીચે લીટી દોરો.

૧) નીલને પુકુ વહાલો હતો.

૨) ગાંધીજીને ચોખ્ખાઈ ગમતી.

૩) મેઘધનુષમાં સાત રંગ છે.

૪) હિમાલય ઊંચો પર્વત છે.

૫) પંખીઓનો રાજા મોર છે.

૫) વર્ષના મહિના બાર છે.

સ. ૨ સર્વનામ ઓળખી તેની નીચે લીટી દોરો.

૧) ઉતરાણમાં અમે પતંગ ચગાવી.

૨) મારાથી લગ્નમાં ન જવાયું.

૩) મેં ખુલ્લો નળ બંધ કર્યો.

૪) તમે બગીચામાંથી ફૂલ ન તોડો.

૫) પોલીસે ચોરને તેના ગુના માટે જેલમાં પૂર્યો.

૬) તેને સફરજન ખૂબ ભાવે છે.

૭) મયંકે પોતાની ભૂલની માફી માંગી.